

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 140
Dt.: 27-03-2026,
Friday
Page:04
Rs.00.50 paisa


### પેટ્રોલ-ડીઝલની અછતની અફવા મુદ્દે કેન્દ્રની સ્પષ્ટતા

# ભારત પાસે ૬૦ દિવસનો પેટ્રોલ-ડીઝલનો સ્ટોક, ગભરાશો નહીં

## દેશમાં પેટ્રોલિયમ અને એલપીજીની સપ્લાય સંપૂર્ણ સુરક્ષિત અને નિયંત્રણમાં છે, ક્યાંય પણ પેટ્રોલ, ડીઝલ કે એલપીજી પુરવઠામાં કોઈપણ પ્રકારનો ઘટાડો થયો નથી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે આજે સ્પષ્ટ કર્યું છે કે દેશમાં પેટ્રોલ, ડીઝલ અને LPGની સપ્લાય સંપૂર્ણપણે સુરક્ષિત છે. દેશના તમામ રિટેલ ફ્યુઅલ આઉટલેટ્સ પર પૂરતો સ્ટોક ઉપલબ્ધ છે અને ક્યાંય પણ અછત નથી. મંત્રાલયે નાગરિકોને અપીલ કરી છે કે તેઓ સોશિયલ મીડિયા પર વાયરલ થતાં ફેક વીડિયો અને અફવાઓ પર ધ્યાન ન આપે. મંત્રાલયે આને "સંકલિત અને ઈરાદાપૂર્વકની મિસઈન્ફોર્મેશન કેમ્પેઈન" ગણાવ્યું છે, જે લોકોને ભડકાવવા માટે ચલાવવામાં આવી રહ્યું છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે જણાવ્યું કે, ભારત વિશ્વનો ચોથો સૌથી મોટો રિફાઈનર અને પાચમો સૌથી મોટો પેટ્રોલિયમ પ્રોડક્ટ્સનો નિકાસકાર છે. ૧૫૦થી વધુ દેશોને ભારત રિફાઈન્ડ ફ્યુઅલ પુરું પાડે છે. દેશમાં ૧ લાખથી વધુ પેટ્રોલ પંપ સતત કાર્યરત છે અને કોઈ પણ પંપને સપ્લાય રેશન (નિયંત્રિત વિતરણ) કરવાનું કહેવામાં આવ્યું નથી. વિશ્વના અન્ય ઘણા દેશોમાં પેટ્રોલની કિંમતો વધી રહી છે, રેશનિંગ (નિયંત્રિત વિતરણ) લાગુ કરવામાં આવ્યું છે અને રાષ્ટ્રીય ઊર્જા કટોકટી જાહેર કરવામાં આવી છે. તેમ છતાં ભારતમાં આવી કોઈ જરૂરિયાત નથી. કેટલાક સ્થળોએ પેનિક બાયિંગના કારણે ભીડ જોવા મળી તે માત્ર સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા ખોટા વીડિયોને કારણે હતી. તેમ છતાં તે તમામ પંપ પર બધા ગ્રાહકોને ફ્યુઅલ આપવામાં આવ્યું.

સ્ટ્રેટ ઓફ હોર્મુઝની વિકટ સ્થિતિ છતાં ભારતને વિશ્વના ૪૧થી વધુ સપ્લાયર્સ પાસેથી વધુ ક્રૂડ ઓઈલ મળી રહ્યું છે. આંતરરાષ્ટ્રીય બજારમાં પુરતી માત્રામાં ક્રૂડ ઉપલબ્ધ છે અને દરેક રિફાઈનરી ૧૦૦%થી વધુ ક્ષમતાએ કામ કરી રહી છે. આગામી ૬૦ દિવસ માટે ક્રૂડ ઓઈલની સપ્લાય પહેલેથી જ સુરક્ષિત કરી લેવામાં આવી છે. મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે, દેશમાં કુલ ૭૪ દિવસની રિઝર્વ ક્ષમતા છે




અને હાલમાં આસપાસ ૬૦ દિવસનો વાસ્તવિક સ્ટોક (ક્રુડ, પ્રોડક્ટ્સ અને સ્ટ્રેટેજિક કેવર્ન સહિત) ઉપલબ્ધ છે. આ મધ્ય પૂર્વ સંકટના ૨૭મા દિવસે પણ દેશ પાસે લગભગ બે મહિનાનો સ્ટોક છે. આગામી બે મહિનાની ક્રૂડ ખરીદી પણ પહેલેથી સુરક્ષિત છે.

LPGની કોઈ અછત નથી. LPG કંટ્રોલ ઓર્ડર પછી રિફાઈનરીઓમાં ઉત્પાદન ૪૦% વધારીને રોજિંદા ૫૦ હજાર મેટ્રિક ટન કરવામાં આવ્યું છે જે કુલ જરૂરિયાતના ૬૦%થી વધુ છે. આયાતની જરૂરિયાત માત્ર ૩૦ હજાર મેટ્રિક ટન રહી છે. અમેરિકા, રશિયા, ઓસ્ટ્રેલિયા સહિતના દેશોમાંથી ૮૦૦ હજાર મેટ્રિક ટન LPGના કાર્ગો પહેલેથી જ સુરક્ષિત છે અને આવી રહ્યા છે. રોજ ૫૦ લાખથી વધુ સિલિન્ડર્સ સપ્લાય કરવામાં આવી રહ્યા છે. પેનિકના કારણે માંગ વધીને ૮૯ લાખ સુધી પહોંચી હતી, જે હવે સામાન્ય ૫૦ લાખ પર આવી ગઈ છે.

મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે PNGને પ્રોત્સાહન આપવું એ LPG અછતને કારણે નહીં, પરંતુ તે સસ્તું, સ્વચ્છ અને સુરક્ષિત હોવાથી છે. આ પરિવર્તન ૨૦૧૪થી જ ચાલી રહ્યું છે. મંત્રાલયે ચેતવણી આપી છે કે સોશિયલ મીડિયા પર ખોટી માહિતી ફેલાવનારાઓ વિરુદ્ધ કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે. નાગરિકોને સલાહ આપવામાં આવી છે કે તેઓ માત્ર સરકારી સત્તાવાર સ્રોતો પર જ વિશ્વાસ કરે.

સરકારે LPG ગેસ અંગે પણ સ્પષ્ટ કહ્યું છે કે, દેશમાં એલપીજીની કોઈપણ અછત નથી. મંત્રાલયે એલપીજી પર નિયંત્રણ લાવવાના આદેશ આપ્યા બાદ ઘરેલુ રિફાઈનરી ઉત્પાદન ૪૦ ટકા વધારી દેવાયું છે. આનાથી દૈનિક એલપીજી ઉત્પાદન ૮૦ ટીએમટીની કુલ જરૂરિયાતના મુકાબલો ૫૦ ટીએમટી એટલે કે આપણી જરૂરીયાતનો ૬૦ ટકાથી વધુ થઈ ગયો છે. ઓઈલ કંપનીઓ દૈનિક ૫૦ લાખથી વધુ સિલિન્ડરની ડિલીવરી કરી રહી છે. ગ્રાહકોએ ગભરાઈને બુકિંગ કરાવતા સિલિન્ડરની માંગ ૮૯ લાખ સિલિન્ડર સુધી પહોંચી ગઈ હતી અને હવે તે ઘટીને ૫૦ લાખ સિલિન્ડર પર આવી ગઈ છે.

# જવાનો અને તેમના પરિવાર કરી શકે છે આજીવન ફ્રી મુસાફરી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

બે દિવસ પહેલા જ રેલવેએ ટિકિટ કેન્સલેશન પર એક મોટો નિર્ણય લેતા રિફંડના નવા નિયમો લાગુ કર્યા છે. રેલવે દ્વારા કન્ફર્મ ટિકિટ કેન્સલ કરવાના નવા નિયમ લાગુ કરી દેવામાં આવ્યા છે. હવે વધુ એક નિર્ણય લેતા રેલવેએ લાઈફ ટાઈમ મફત મુસાફરીની ભેટ આપી છે. રેલવેએ વીરતા પુરસ્કાર વિજેતા આર્મી, નેવી અને એરફોર્સના જવાનો અને તેમની વિધવાઓને આજીવન મફત ટ્રેન મુસાફરીનો વિશેષાધિકાર આપ્યો છે. ભારત સરકારે રેલવે છૂટછાટો અંગે એક આદેશ જાહેર કર્યો છે. જેમાં સરકારે આર્મી, નેવી અને એરફોર્સ મેડલ ગેલેન્ટ્રી એવોર્ડ વિજતાઓને ફ્રી ટિકિટ આપવાની જાહેરાત કરવામાં આવી છે. સરકારે આદેશ જાહેર કર્યો છે કે, આર્મી, નેવી અને એરફોર્સ મેડલ વીરતા પુરસ્કાર વિજેતાઓને અને તેમની પત્નીઓ અને વિધવાઓને લાઈફ ટાઈમ ભારતીય રેલવેની ટ્રેનોમાં ફર્સ્ટ ક્લાસ, સેકન્ડ AC અને AC ચેર કાર કોચમાં ફ્રી મુસાફરીની ભેટ આપી છે. સાથે જ પુરસ્કાર મેળવનારાઓ ઉપરાંત એક સાથીદારને પણ લાઈફ ટાઈમ ફ્રી રેલ મુસાફરીની છૂટ આપવામાં આવી છે. આ માહિતી ડિફેન્સ મંત્રાલય દ્વારા આપવામાં આવી છે. જેના દ્વારા સેના સાથે સંકળાયેલા આ લોકોને લાઈફ ટાઈમ રેલવે AC કોચમાં મુસાફરી કરવાનો વિશેષાધિકાર મળ્યો છે. રેલવે દિવ્યાંગ, માનસિક રીતે કમજોર અને સંપૂર્ણપણે દૃષ્ટિહીન મુસાફરોને ટ્રેન ટિકિટ પર ભાડામાં છૂટ આપે છે. આ લોકોને જનરલ ક્લાસ, સ્લીપર ક્લાસ અને 3AC કોચમાં ૭૫% સુધીની છૂટ મેળવવા માટે હકદાર છે. રેલવે કેન્સર, થેલેસેમિયા, હૃદય રોગ, કિડની રોગ, હિમોફીલિયા, ટીબી, એઈડ્સ અને ઓસ્ટોમી જેવી ગંભીર બીમારીઓથી પીડાતા લોકોને પણ ભાડામાં છૂટ આપે છે. આ ઉપરાંત રેલવે વિદ્યાર્થીઓને પણ ટ્રેન ભાડામાં રાહત આપે છે, તેમને અલગ-અલગ કોચ ૫૦% થી ૭૫% સુધીનું ડિસ્કાઉન્ટ મળે છે. અગાઉ રેલવે વરિષ્ઠ નાગરિકોને પણ ભાડામાં પણ છૂટ આપતી હતી. જો કે, કોવિડ-૧૯ મહામારી દરમિયાન આ છૂટ બંધ કરવામાં આવી છે.

# ઈરાન યુદ્ધ વચ્ચે રશિયાની ૪૦ ટકા ઓઈલ નિકાસ ઠપ થતાં સંકટ વધ્યું

## યુક્રેને તાજેતરમાં રશિયાની તેલ પાઈપલાઈન પર ડ્રોનથી હુમલો કર્યો છે, જેના કારણે રશિયાને ઘણું નુકસાન થયું

(સંપૂર્ણ સમાચાર સેવા)મોસ્કો

અમેરિકા-ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે છેલ્લા ૨૭ દિવસથી યુદ્ધ ચાલી રહ્યું છે. આ યુદ્ધના કારણે વિશ્વભરમાં ગંભીર ઓઈલ સંકટ ઉભું થયું છે, ત્યારે હવે યુક્રેને રશિયા પર ભયાનક હુમલો કરી ઓઈલ સંકટની ચિંતામાં બમણો વધારો કરી દીધો છે. ઈરાને હોર્મુઝ જળમાર્ગ બંધ કરી દીધા બાદ ક્રૂડ ઓઈલ અને ગેસનો સપ્યાલ સંપૂર્ણ અટકી પડ્યો છે. જોકે આ સ્થિતિમાં રશિયન ઓઈલે ભારત સહિત વિશ્વભરની ઊર્જાની ઘણી જરૂરીયાત પુરી કરી છે. જોકે હવે રશિયન ઓઈલ પર પણ સંકટ આવી ગયું છે.

યુક્રેને તાજેતરમાં રશિયાની તેલ પાઈપલાઈન પર ડ્રોનથી હુમલો કર્યો છે, જેના કારણે રશિયાને ઘણું નુકસાન થયું છે. એટલું જ નહીં યુક્રેને અનેક રશિયન ટેક્રો પણ જપ્ત કરી લીધા છે. આ હુમલા બાદ રશિયાની લગભગ ૪૦ ટકા ઓઈલ આયાત ક્ષમતા ઠપ થઈ ગઈ છે. મીડિયા રિપોર્ટ મુજબ, વિશ્વ માટે બીજા સૌથી મોટા ઓઈલ આયાતકાર રશિયન પાસે આ મોટું સંકટ છે.

મધ્ય-પૂર્વના યુદ્ધના કારણે પહેલેથી જ આંતરરાષ્ટ્રીય માર્કેટમાં ક્રૂડ ઓઈલની કિંમતો પ્રતિ બેરલ ૧૦૦ ડૉલરને પાર પહોંચી ગઈ છે, ત્યારે યુક્રેને રશિયન ઓઈલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર હુમલો કરતા તેલ સંકટ વધુ ઘેરાયું છે. ગુરુવારે બ્રેન્ટ ઓઈલની કિંમતમાં બે ટકાનો વધારો થતાં તેનો ભાવ પ્રતિ બેરલ ૧૦૪ ડૉલર પર અને અમેરિકન ઓઈલ (WTI)માં બે ટકાનો વધારો થતાં તેની કિંમત પ્રતિ બેરલ ૯૨ ડૉલર પર પહોંચી ગયો છે. રશિયાની ૨.૬ ટ્રિલિયન ડૉલરના અર્થતંત્રમાં ઓઈલની આવક મુખ્ય આધારસ્તંભ છે. યુક્રેને આ મહિનાની શરૂઆતથી જ રશિયા તેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ડ્રોન હુમલો તેજ કરી દીધા છે. તેણે રશિયાના મુખ્ય પોર્ટ કાલા સાગરમાં નોવોરોસ્સિએસ્ક (Novorossiysk) પોર્ટ, બાલ્ટિન સમુદ્રમાં પ્રિમોર્સ્ક (Primorsk) પોર્ટ અને ઉસ્ત-લુગા (Ust-Luga) પોર્ટને નિશાન બનાવ્યા છે. હુમલાના કારણે રશિયાની દૈનિક લગભગ ૨૦ લાખ બેરલની નિકાસ ક્ષમતા બંધ થઈ ગઈ છે. રિપોર્ટ મુજબ રશિયાએ હુમલો કરતા યુક્રેનથી હંગેરી અને સ્લોવાકિયા જતી દ્રુઝબા પાઈપલાઈનના એક ભાગને નુકસાન થયું હોવાની વિગતો સામે આવી છે. હુમલા બાદ નોવોરોસ્સિએસ્ક પોર્ટ પર દૈનિક ૭ લાખ ઓઈલ બેરલની નિકાસ ઘટી ગઈ છે. યુરોપમાં રશિયન ટેક્રોને જપ્ત કરાતા મરમંસ્ક પોર્ટ પર દૈનિક ત્રણ લાખ બીપીડીનું આર્કટિક તેલ નિકાસ અટકી ગઈ છે.

રશિયન ઓઈલની સપ્લાય અટકી પડવાની અસર ભારત પર પણ પડશે. અમેરિકાએ પ્રતિબંધ ઝિંક્યો તે પહેલા ભારતે રશિયા પાસેથી મોટાપાયે ઓઈલની ખરીદી કરી હતી. તાજેતરમાં ઈરાન યુદ્ધના કારણે અમેરિકાએ આ પ્રતિબંધ ૩૦ દિવસ સુધી હટાવી દીધો હતો. આ કારણે રશિયા દ્વારા ભારતમાં મોટાપાયે ઓઈલ નિકાસ શરૂ કરાઈ હતી. ભારતે આગામી મહિના માટે ક્રૂડ ઓઈલ ખરીદવા રશિયાને ૬૦ મિલિયન બેરલનું બુકિંગ કરાવ્યું છે. જો રશિયન તેલના સપ્લાયને અસર થશે તો ભારતમાં તેલ સપ્લાયને ગંભીર અસર પડી શકે છે. આનાથી પેટ્રોલ-ડિઝલની કિંમતોમાં વધારો થઈ શકે છે.

# ૧ એપ્રિલથી પેઈનથી માંડી તાવ સુધીની દવાઓ થશે મોંઘી: ૧૦૦૦થી વધુ મેડિસિનના ભાવ વધશે

## તાવ, ઈન્ફેક્શન અને એનીમિયા જેવી બીમારીઓમાં વપરાતી આવશ્યક દવાઓના ભાવમાં વધારો થશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

હોળીના તહેવાર બાદ સામાન્ય જનતાના ખિસ્સા પર વધુ એક બોજ પડવા જઈ રહ્યો છે. આગામી ૧ એપ્રિલ ૨૦૨૬થી તાવ, ઈન્ફેક્શન અને એનીમિયા જેવી બીમારીઓમાં વપરાતી આવશ્યક દવાઓના ભાવમાં વધારો થવા જઈ રહ્યો છે. સરકાર દ્વારા નેશનલ લિસ્ટ ઓફ એસેન્શિયલ મેડિસિન્સ (NLEM) માં સામેલ દવાઓની કિંમતોમાં અંદાજે ૦.૬% ના વધારાને મંજૂરી આપવામાં આવી છે.નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટી (NPPA) ના જણાવ્યા અનુસાર, હોલસેલ પ્રાઈસ ઈન્ડેક્સ (WPI) માં થયેલા ફેરફારને આધારે આ વધારો કરવામાં આવ્યો છે.



વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના ડેટા મુજબ, વર્ષ ૨૦૨૪ની સરખામણીએ ૨૦૨૫માં WPI માં (+) ૦.૬૪૯૫૬% નો વાર્ષિક ફેરફાર જોવા મળ્યો છે. આ વધારો ૧,૦૦૦ થી વધુ આવશ્યક દવાઓ પર લાગુ થશે. જેમાં મુખ્યત્વે પેરાસીટામોલ કે જે તાવ અને દુખાવા માટે સૌથી વધુ વપરાતી દવા છે. બેક્ટેરિયલ ઈન્ફેક્શન માટે વપરાતી એઝિથ્રોમાસીન જેવી દવાઓ, એનીમિયા અને વિટામિન્સ લોહીની ઉણપ દૂર કરવાની દવાઓ અને મિનરલ્સ, સ્ટીરોઈડ્સ કે જે ગંભીર બીમારીઓ અને શ્વસન સંબંધી સારવારમાં વપરાતી દવાઓનો સમાવેશ થાય છે. ફાર્મા ઉદ્યોગના નિષ્ણાતોના મતે, આ મામૂલી વધારો પૂરતો નથી. ચાલુ ઈરાન યુદ્ધને કારણે દવાઓ બનાવવામાં વપરાતા કાચા માલ (APIs) અને સોલ્વન્ટ્સના ભાવમાં જંગી ઉછાળો આવ્યો છે. ગ્લિસરીનની કિંમતમાં ૬૪% નો વધારો થયો છે. આ ઉપરાંત પેરાસીટામોલ APIની કિંમતમાં ૨૫% નો વધારો થયો છે. પેકેજિંગ મટિરિયલ જેવા કે એલ્યુમિનિયમ ફોઈલ અનેં ફઝ ના ભાવ ૪૦% સુધી વધ્યા છે. દવાઓના ઉત્પાદન ખર્ચમાં ૩૦-૩૫% નો વધારો થયો છે, જેની સામે ૦.૬% નો ભાવ વધારો ઉદ્યોગ માટે પૂરતો નથી. અમે આ મુદ્દે દ્રંછ સમક્ષ રજૂઆત કરવાની પણ પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી છે.

### કંપનીને ફટકાર્યો ૫૦ લાખ રૂપિયાનો દંડ

# વંદે ભારત ટ્રેનમાં પીરસ્યું ખરાબ ભોજન, કંપનીને દંડ

## પટનાથી ટાટાનગર જતી વંદે ભારત એક્સપ્રેસમાં ભોજનની ગુણવત્તા અંગે ફરિયાદ બાદ કાર્યવાહી કરાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતીય રેલવેએ વંદે ભારત એક્સપ્રેસમાં ભોજનની ગુણવત્તા અંગે મોટી કાર્યવાહી કરી છે. રેલવેએ તેની જ કંપની ઈન્ડિયન રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન પર ૧૦ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. પટનાથી ટાટાનગર જતી વંદે ભારત એક્સપ્રેસમાં ભોજનની ગુણવત્તા અંગે ફરિયાદ બાદ આ કાર્યવાહી કરવામાં આવી હતી.

માહિતી અનુસાર, ૧૫ માર્ચ, ૨૦૨૬ ના રોજ ટ્રેન નંબર ૨૧૮૯૬ પટના-ટાટાનગર વંદે ભારત એક્સપ્રેસમાં એક મુસાફરે ભોજનની ગુણવત્તા અંગે ફરિયાદ નોંધાવી હતી. રેલવેએ આ ફરિયાદને ગંભીરતાથી લીધી અને તપાસ બાદ કાર્યવાહી કરી. રેલવેએ IRCTC પર ૧૦ લાખ




રૂપિયાનો દંડ ફટકાર્યો છે. વધુમાં સંબંધિત સર્વિસ પ્રોવાઈડર પર ૫૦ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. તે કંપનીનો કરાર સમાપ્ત કરવાનો આદેશ પણ જાહેર કરવામાં આવ્યો છે. રેલવેના પ્રવક્તાએ જણાવ્યું હતું કે મુસાફરોની સલામતી અને પૂરી પાડવામાં આવતી સેવાઓની ગુણવત્તા અત્યંત પ્રાથમિકતા છે. તેમણે ઉમેર્યું હતું કે કોઈપણ બેદરકારી અથવા ધોરણોનું ઉલ્લંઘન સહન કરવામાં આવશે નહીં. ભારતીય રેલવે તેના વિશાળ નેટવર્ક મારફતે દરરોજ લાખો મુસાફરોને સેવા આપે છે. IRCTC દરરોજ ૧.૫ મિલિયનથી વધુ મુસાફરોને ભોજન પૂરું પાડે છે. તે વિશ્વના સૌથી મોટા ઓનબોર્ડ ફૂડ ઓપરેશન્સમાંનું એક માનવામાં આવે છે. રેલવેનું માનવું છે કે આટલા મોટા નેટવર્કમાં ગુણવત્તા જાળવવી ખૂબ જ મહત્વપૂર્ણ છે. તેથી મળેલી કોઈપણ ફરિયાદનું તાત્કાલિક નિરાકરણ કરવામાં આવે છે. આ ઘટના બાદ રેલવેએ સ્પષ્ટ કર્યું છે કે મુસાફરોના આરામ અને સલામતી સાથે કોઈ સમાધાન કરવામાં આવશે નહીં. જો ખોરાકની ગુણવત્તામાં કોઈ ખામી જોવા મળશે તો જવાબદાર એજન્સીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

આ કાર્યવાહી તમામ સેવા પ્રદાતાઓને સંદેશ પણ આપે છે કે મુસાફરોને શ્રેષ્ઠ સેવા પૂરી પાડવાની તેમની જવાબદારી છે. રેલવેએ જણાવ્યું છે કે ભવિષ્યમાં આવી ફરિયાદોનું નિરીક્ષણ કરવામાં આવશે અને જરૂરી પગલાં લેવામાં આવશે.




